# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-07-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## ગંભીરા બ્રિજ દુર્ઘટના

ગુજરાતમાં વડોદરાના પાદરા તાલુકામાં મહીસાગર નદી પર આવેલા મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંક 15 થયો છે. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- N.D.R.F. સહિતની બચાવ ટુકડી દ્વારા કરાયેલી તપાસ દરમિયાન એક મૃતદેહ મળી આવ્યો હતો. જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ જણાવ્યું, હજી પણ ગુમ થયેલા ચાર લોકોની શોધખોળ ચાલી રહ્યું છે.

બીજી તરફ રાજ્ય સરકારે દુર્ઘટના અંગે પ્રાથમિક તપાસ અવલોકનના આધારે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લીધા. રાજ્ય સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર એન. એમ. નાયકાવાલા, નાયબ કાર્યપાલક યુ. સી. પટેલ અને આર. ટી. પટેલ તેમજ મદદનીશ ઈજનેર જે. વી. શાહને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ કરાયા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, આપણા દેશની વિશ્વ-વિદ્યાલયો વિકસિત ભારતના ધ્યેયને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. નર્મદાના એકતાનગર ખાતે કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોના કુલપતિઓના 2 દિવસના સંમેલનનું ઉદ્ઘાટન કરાવતા શ્રી પ્રધાને આ વાત કહી.

શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલને વધુ ગતિશીલ બનાવવાના ઉદ્દેશ સાથે સંમેલનનું આયોજન કરાયું છે. આ પ્રસંગે શ્રી પ્રધાને કુલપતિઓને

તેમની વિશ્વ-વિદ્યાલયો માટે પોતાનું વિશેષ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલીકરણ મૉડેલ બનાવવા, વિદ્યાર્થી પ્રથમ અભિગમ અપનાવવા અને એક નવી શૈક્ષણિક સંસ્કૃતિ તેમજ શૈક્ષણિક મૉડેલ સ્થાપિત કરવા માટે કામ કરવા પણ આહ્વાન કર્યું.

---

## શાળાઓમાં સ્પોર્ટ્સ કિટ

રાજ્યની સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આગામી સમયમાં રમતગમતના સાધનો પૂરી પાડવામાં આવશે. શિક્ષણની સાથે બાળકોનો રમતગમત ક્ષેત્રે પણ રસ વધારવા રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે. તે મુજબ, બાળકોને 29 કરોડ 45 લાખ રૂપિયાના ખર્ચે 30 પ્રકારના રમતગમતના સાધનો ધરાવતી 34 હજાર 483 જેટલી સ્પોર્ટ્સ કીટ અપાશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

વિદ્યાર્થીઓને આપવામાં આવનારી સ્પોર્ટ્સ કિટમાં કૅરમ બૉર્ડ, અલગ અલગ કદના ક્રિકેટ બૅટ, બૅડમિન્ટન, શટલ કૉક, ફૂટબૉલ, વૉલીબૉલ, હૅન્ડબૉલ, ડિસ્કસ, શૉટ પૂટ રબર, ભાલા, ચેસ સેટ, સ્કિપિન્ગ રૉપ, હર્ડલ સેટ, માર્કિંગ કોન્સ સેટ, રિલે બેટન સેટ, સોસર કોન્સ સેટ, ટેની કોઈટ, ક્રિકેટ સ્ટમ્પ સેટ, ટેનિસ બોલ સોફ્ટ, ટેનિસ બોલ હાર્ડ, સ્ટોપ વોચ તેમજ એર હેન્ડ પંપનો સમાવેશ કરાયો છે.

---

## પ્રધાનમંત્રી આવાસ યોજના સહાય

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના લાભાર્થીઓને વધારાની ₹50,000 સહાય અપાશે; નાગરિકોને હવે ચાર તબક્કામાં કુલ ₹1,70,000ની સહાય ચૂકવાશે.

ગુજરાત સરકાર દ્વારા દૂરોગામી આયોજનથી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આ પ્રજાલક્ષી નિર્ણય ગ્રામીણ વિસ્તારના લાભાર્થીઓને નવા આવાસના બાંધકામમાં મદદરૂપ થશે અને સમૃદ્ધ ગ્રામ નિર્માણમાં મહત્ત્વપૂર્ણ રહેશે.

---

## રાજ્ય પોલીસ વડા કચ્છ મુલાકાત

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય આજે કચ્છની મુલાકાતે આવશે. તેઓ ભુજમાં અરજદારોની ફરિયાદો સાંભળશે.

આ અંગે ડીજીપીએ 'એક્સ' પર માહિતી આપતા જણાવ્યું છે કે, તેઓ આવતીકાલે ૧૧ જુલાઈએ ભુજ શહેરની મુલાકાત દરમ્યાન બપોરે ૩થી ૪ વાગ્યા દરમિયાન હરીપર રોડ પર આવેલ બોર્ડર રેન્જ આઈજીની ઓફિસ ખાતે અરજદારોને મળશે. જે કોઈપણ અરજદારોને ફરિયાદ કે અન્ય કોઈ પ્રશ્નો હોય તો તેઓ પોલીસ વડા સમક્ષ રૂબરૂ રજૂઆત કરી શકશે. ડીજીપીની ભુજ મુલાકાતને પગલે પોલીસ તંત્ર પણ તૈયારીઓમાં પરોવાઈ ગયું છે.

---------------------------------------------------------------------------------------------

## વરસાદ

રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદનું જોર ઘટશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. દરમિયાન આજે નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી છે. જ્યારે 12 જુલાઈ બાદ ફરી વરસાદનો નવો તબક્કો શરૂ થશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન આગામી 14 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

દરમિયાન જિલ્લા કંટ્રોલ રૂમમાંથી મળતી માહિતી મુજબ કચ્છમાં ગઇકાલ સાંજના 6 થી આજે સવારના 6 વાગ્યા દરમિયાન અબડાસા 3 મિ.મિ., ગાંધીધામ 8, ભુજ 7, મુન્દ્રા 12 અને માંડવી 4 મિ.મિ. સાથે કુલ 34 મિ.મિ. વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------------------------------

## ચીફ ઓફિસર બદલી

ગુજરાતમાં નગરપાલિકાઓના ચીફ ઓફિસર સંવર્ગના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરીને 29 ચીફ ઓફિસરની બદલીને લઈને માહિતી આપી છે.

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે રાજ્યની અલગ-અલગ નગરપાલિકાના 29 ચીફ ઓફિસરોની બદલીનો હુકમ કર્યો છે. બદલીના હુકમ મુજબ, અધિકારીઓના હાલની ફરજ જગ્યાએથી દાહોદ, આણંદ, વલસાડ, રાજુલા, હાંસોટ સહિત અનેક સ્થળોએ બદલી કરવામાં આવી છે. ખાસ કરીને વિજયકુમાર ચાવડા, હિતેશ પટેલ અને કિરણ પટેલ જેવા અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

---